મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત કરાર-આધારિત કર્મચારીઓની મુદત લંબાવવા બાબત.

ગુજરાત સરકાર

પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

ક્રમાંકઃ નરગ/૧૦૨૦૧૭/એસએફએસ-૫૫/ ખ-૨

નવા સચિવાલય,ગાંધીનગર

તા. ૦૯/૦૮/૨૦૧૭

<u>વંચાણે લીધા</u> :

૧. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી અધિનિયમ,૨૦૦૫

૨. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ-૨૦૦૫ની માર્ગદર્શક સૂચનાઓ, તા.૪/૧/૦૬

૩. પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ આઇડીબી/૧૦૨૦૧૦/ એસ.એફ.એસ.-૨૪૮૯/ખ.૨,તા.૧૫/૯/૨૦૧૦

૪. કમિશ્નરશ્રી,ગ્રામ વિકાસની કચેરીના પત્ર ક્રમાંકઃસીઆરડી/મનરેગા/૧૩૭૬૬૩-૮૧૬/૧૨, તા.૦૪/૦૬/૨૦૧૨

૫. ભારત સરકારશ્રીના ઓફિસ સરકયુલર ક્રમાંકઃ જે/ ૧૬૦૨૦/ ૫૫/૨૦૧૨ / એમજીએનઆરઇજીએ (પાર્ટ), તા.૦૭/૦૯/૨૦૧૨

૬. ભારત સરકારશ્રીની મનરેગા ઓપરેશનલ ગાઇડલાઇન્સ,૨૦૧૩

૭. ભારત સરકારશ્રીના ગ્રામીણ વિકાસ મંત્રાલયના પત્ર નં. જે.૧૬૦૨૦/૫૫/૨૦૧૨ / એમજીએનઆરઇજીએ (પાર્ટ),તા. ૧૦/૦૯/૨૦૧૩

૮. ભારત સરકારશ્રીના ઓફિસ મેમોરેન્ડમ ક્રમાંકઃએફ. નં.જે.૧૬૦૨૦/૫૫/૨૦૧૨/ એમજીએનઆરઇજીએ(પાર્ટ),તા. ૧૪/૦૫/૨૦૧૩

૯. ભારત સરકારશ્રીના ગ્રામીણ વિકાસ મંત્રાલયના જાહેરનામા ક્રમાંકઃએફ.નં.જે. ૧૧૦૧૧/૨/૨૦૧૦/એમજીએનઆરઇજીએ,તા. ૨૪/૦૯/૨૦૧૧

૧૦. પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ નરગ / ૧૦૨૦૧૩/એસ.એફ.એસ.-૩૮/ખ-૨,તા.૨૩/૧૨/૨૦૧૩,તા.૧૮/૦૨/૨૦૧૪.

તા.૨૮/૦૮/૨૦૧૪,તા.૨૭/03/૨૦૧૫,તા.૧૫/૦૭/૨૦૧૫,તા.૨૩/૧૨/૨૦૧૫,તા.૧૯/૧૦/૨૦૧૬તથા તા.૧૬/૧૨/૨૦૧૬.

૧૧. કમિશનર ગ્રામ વિકાસની કચેરી, ગાંધીનગરના કાર્યાલય આદેશ ક્રમાંક : ગવક/મનરેગા/હાઇકોર્ટ મેટર/૪૯૨૭-૩૫/૧૭, તા.૨૯/૦૪/૨૦૧૭.

૧૨. નામ. ગુજરાત હાઇકોર્ટનો સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નં.૧૩૬૨૧/૨૦૧૪ અને અન્ય રીટ પીટીશનો પરત્વેનો તા. ૦૧/૦૭/૨૦૧૬ નો ચુકાદો.

૧૩. એસ.સી.એ.નં.૧૨૦૭૪/૨૦૧૭ અને ૧૧૯૦૯/૨૦૧૭ માં નામ.ગુજરાત હાઇકોર્ટના તા.૨૯/૦૬/૨૦૧૭ તથા તા.૦૭/૦૭/૨૦૧૭ ના ઓરલ ઓર્ડર

**ઠરાવ:**

ભારત સરકારશ્રીના ગ્રામીણ વિકાસ મંત્રાલયના આમુખ-૧ અને ૨ તથા રાજ્ય સરકારના પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઉપરોક્ત વંચાણે લીધેલ આમુખ-૩ના તા.૧૫/૯/૨૦૧૦ ના ઠરાવથી મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ-૨૦૦૫ હેઠળ રાજય,જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષા માટે મંજૂર કરેલ મહેકમની મુદત તા. ૨૮/૨/૨૦૧૪ના કચેરી સમય બાદથી રદ કરવા અને તા. ૧/૩/૨૦૧૪ થી તા. ૨૮/૨/૨૦૧૭ સુધી ત્રણ વર્ષના સમયગાળા માટે આમુખ-૧૦ના તા.૨૩/૧૨/૨૦૧૩ના ઠરાવમાં દર્શાવ્યા મુજબની મંજૂર મહેકમની જગ્યાઓ ઉપર પ્રતિનિયુક્તિ અથવા કરાર-આધારિત ધોરણે ઠરાવેલ શૈક્ષણિક લાયકાત અને અનુભવના આધારે નિમણૂક આપવાનું ઠરાવવામાં આવેલ.

રાજયમાં મનરેગા યોજનામાં આમુખ-૧૦ ના તા. ૨૩/૧૨/૨૦૧૩ ના ઠરાવથી મંજૂર કરેલ મહેકમની ભરતી પ્રક્રિયાની કામગીરી સમય મર્યાદામાં થઇ શકે તેમ ન હોઇ.આમુખ-૩ ના તા.૧૫/૦૯/૨૦૧૦ના ઠરાવ મુજબ જે મહેકમની મુદત તા. ૨૮/૦૨/૨૦૧૪ સુધીની હતી તે આમુખ-૧૦ના તા.૧૯/૧૦/૨૦૧૬ ના ઠરાવથી જાહેર વહીવટી હિતમાં નામ.ગુજરાત હાઇકોર્ટના સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નં.૧૩૬૨૧/૨૦૧૪ સહ અન્ય રીટ પીટીશનોના ચુકાદા અન્વયે કરાર આધારિત કુલ-૨૨૨૯ કર્મચારીઓ પૈકી જે કર્મચારીઓને રાજીનામું તથા વહીવટી તેમજ અન્ય

કારણોસર કરારનો અંત લાવી ફરજ મુક્ત કરવામાં આવેલ છે તે સિવાયના હાલમાં ફરજ બજાવતા કુલ-૧૬૪૮(એક હજાર છ સો અડતાલીસ) તથા આમુખ-૧૦ ના તા.૧૬/૧૨/૨૦૧૬ના ઠરાવથી ૩૨૯(ત્રણસો ઓગણત્રીસ) તથા આમુખ-૧૧ના તા.૨૯/૦૪/૨૦૧૭ ના કાર્યાલય આદેશથી ૧૪ (ચૌદ) કરાર આધારિત કર્મચારીઓને મહાત્મા ગાંધી નરેગા યોજનામાં તા.૧૫/૦૯/૨૦૧૦ના ઠરાવની જોગવાઈ તેમજ નામ. ગુજરાત હાઇકોર્ટના તા.૦૧/૦૭/૨૦૧૬ ના ચુકાદા સામે સરકારશ્રી દ્વારા નામ. ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરવામાં આવેલ એલ.પી.એ. (સ્ટેમ્પ નં. ૨૯૧/૨૦૧૭) (એલ.પી.એ. નં. ૯૮૩/૨૦૧૭ ) માં જે ચુકાદો આવે તેને આધીન કરાર- આધારિત કર્મચારી તરીકે ફરજ ઉપર ચાલુ રાખવા તેમજ આમુખ-૧૦ના તા.૨૩/૧૨/૨૦૧૩ના ઠરાવથી નિમણૂંક આપવામાં આવેલ કરાર- આધારિત કર્મચારીઓ એમ કુલ - ૨૭૭૮ (બે હજાર સાત સો ઇઠ્યોતેર) કર્મચારીઓની મુદત તા.૨૮/૦૨/૨૦૧૭ ના રોજ પૂર્ણ થયેલ છે.

ઉપર્યુક્ત હકીકતે એટલે કે તા. ૨૮/૦૨/૨૦૧૭ સુધીમાં વહીવટી તેમજ નામ. ગુજરાત હાઇકોર્ટના એસ.સી.એ. નંબર ૧૩૬૨૧/૨૦૧૪ સહ અન્ય રીટ અરજીઓ પરત્વે તા.૧/૭/૨૦૧૬ના રોજ આવેલ ચુકાદાના કારણોસર સદરહુ જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયા થઇ શકેલ ન હોવાના કારણે તા.૧૫/૯/૨૦૧૦,તા.૧૯/૧૦/૨૦૧૬, તા.૧૬/૧૨/૨૦૧૬ તથા તા.૨૩/૧૨/૨૧૩ ના ઠરાવથી મંજૂર થયેલ ૨૫ને હાલ મહેકમ પૈકી ફરજ ઉપર કાર્યરત કરાર-આધારિત કર્મચારીઓના કરારની મુદત વધુ સમય લંબાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે તા.૧૯/૧૦/૨૦૧૬ ના ઠરાવથી જાહેર વહીવટી હિતમાં નામ.ગુજરાત હાઇકોર્ટના સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નં.૧૩૬૨૧/૨૦૧૪ સહ અન્ય રીટ અરજીઓના ચુકાદા અન્વયે કરાર આધારિત કુલ- ૨૨૨૯ કર્મચારીઓ પૈકી જે કર્મચારીઓને રાજીનામું તથા વહીવટી તેમજ અન્ય કારણોસર કરારનો અંત લાવી ફરજ મુક્ત કરવામાં આવેલ છે તે સિવાયના હાલમાં ફરજ બજાવતા કુલ-૧૬૪૮ (એક

હજાર છસો અડતાલીસ) તથા તા.૧૬/૧૨/૨૦૧૬ ના ઠરાવથી ૩૨૯ (ત્રણ સો ઓગણત્રીસ) તથા તા.૨૯/૦૪/૨૦૧૭ ના કાર્યાલય આદેશથી ૧૪ (ચૌદ) કરાર આધારિત કર્મચારીઓને મહાત્મા ગાંધી નરેગા યોજનામાં તા.૧૫/૦૯/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈઓ તેમજ નામ. ગુજરાત હાઇકોર્ટના તા.૦૧/૦૭/૨૦૧૬ ના ચુકાદા સામે સરકારશ્રી દ્વારા નામ. ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરવામાં આવેલ એલ.પી.એ. નં. ૯૮૩/૨૦૧૭માં જે કોઇ ચુકાદો આવે તેને આધીન કરાર- આધારિત કર્મચારી તરીકે ફરજ ઉપર ચાલુ રાખવા તેમજ તા.૨૩/૧૨/૨૦૧૩ ના ઠરાવથી નિમણૂંક આપવામાં આવેલ કરાર આધારિત કર્મચારીઓ એમ કુલ-૨૭૭૮ (બે હજાર સાત સો ઇઠ્યોતેર) કરાર આધારિત કર્મચારીઓની કરાર આધારિત સેવાની મુદ્દત તા. ૧.૦૩.૨૦૧૭થી તા.૩૧ જાન્યુઆરી,૨૦૧૮ સુધી લંબાવવા આથી ઠરાવવામાં આવે છે. આ મુદ્દત વધારો નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરવામાં આવેલ એલ.પી.એ. નં. ૯૮૩/૨૦૧૭ માં જે કોઇ ચુકાદો આવે તેને આધીન રહેશે.

પ્રસ્તુત ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૭/૦૪/૨૦૧૭ અને તા.૦૫/૦૫/૨૦૧૭ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યુ. યુ. પઠાણ)
ઉપસચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (ગ્રામવિકાસ) (સ્વતંત્ર હવાલો) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- તમામ માન.મંત્રીશ્રી/રાજયકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી,કૃષિ અને સહકાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી,વન અને પર્યાવરણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી,પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય , ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી,મહેસૂલ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી, નર્મદા,જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- કમિશ્નરશ્રી-વ- સચિવશ્રી,ગ્રામ વિકાસની કચેરી,બ્લોક નં:૧૬/૩,ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- જિલ્લા પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર-વ- જિલ્લા વિકાસ અધિકારીશ્રી,તમામ.(કમિશનર ગ્રામ વિકાસની કચેરી મારફતે)
- અધિક જિલ્લા પ્રોગ્રામ કો. ઓર્ડિનેટર-વ-નિયામકશ્રી,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,તમામ. (કમિશનર ગ્રામ વિકાસની કચેરી મારફતે)
- એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત,રાજકોટ / અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી,પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ
- શાખા ફાઈલ.
- પસંદગી ફાઈલ.